VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# મણિલાલ હ. પટેલની જાતીયતાપરક વાર્તાઓ

## ડો. બિપિન ચૌધરી

આસી. પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, બેચરાજી,
જિ. મહેસાણા ઈમેલ: bipinchaudhary617@gmail. Com

મણિલાલ હ. પટેલ જાણીતા કવિ, નિબંધકાર, નવલકથાકાર અને વિવેચક છે. વાર્તાકાર તરીકે પણ નામના ધરાવે છે. તેમની સર્જક પ્રતિભાને ‘ધનજી- કાનજી સુવર્ણચંદ્રક’, ‘નર્મદ સુવર્ણચંદ્રક’, ‘ગુજરાત ગૌરવ પુરસ્કાર’ વગેરે એવોર્ડ અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યી છે. સર્જક મણિલાલ પટેલ શૈશવકાળથી લેખનની પ્રવૃતિ સાથે સંકળાયેલા છે. અધ્યાપક તરીકે ફરજ બજાવતાં ઇડર અને ત્યાર બાદ પણ તેમની વાર્તાલેખન પ્રવૃતિ ચાલુ રહી છે. તેમની પાસેથી ‘રાતવાસો’, ‘હેલી’, ‘બાપાનો છેલ્લો કાગળ’, ‘સુધા અને બીજી વાતો’ વગેરે વાર્તાસંગ્રહો મળે છે. ઈ.સ.૧૯૮૮થી ઈ.સ.૨૦૦૮ સુધીનાં વર્ષો દરમિયાન તેમની લગભગ સિત્તેર જેટલી વાર્તાઓ પ્રગટ થયેલી છે. છ જેટલા વાર્તાસંગ્રહ અને અનેક ચયનો સંપાદનોમાં તેમની વાર્તાઓ સ્થાન પામી છે. હિન્દી –અંગ્રેજી, મરાઠી, કન્નડ ભાષામાં અનુવાદો પણ થયા છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની ‘કથાભાવન શ્રેણી’ અંતર્ગત વાર્તાકાર મણિલાલ હ. પટેલે સ્વ-સર્જનમાંથી ‘ચૂંટેલી વાર્તાઓ મણિલાલ હ .પટેલ’ને આધારે જાતીયતા પરક વાર્તાઓ તપાસવાનો ઉપક્રમ પ્રસ્તુત લેખમાં છે.

પ્રસ્તુત પુસ્તકમાં કુલ ૧૪ વાર્તાઓ સંગ્રહિત છે. તેમાંથી એક-બે વાર્તાઓને બાદ કરતાં મોટા ભાગની વાર્તાઓ કોઈને કોઈ રીતે નારી સમસ્યાઓ, સંવેદનાઓને વ્યક્ત કરે છે. સર્જક ગ્રામીણ સમાજની સ્રીઓના ભાવવિશ્વને સહજતાથી આલેખે છે. ખાસ કરીને લુણાવાડા આસપાસના સમાજની સ્રીઓનું આ ટૂંકીવાર્તાઓમાં પાત્ર તરીકે ચરિત્રચિતરણ થયું છે. આ ટૂંકીવાર્તાઓમાં નારીસંવેદનાનું નિરૂપણ વિવિધ પ્રકારે થયું છે. જેમ કે, નારીનું જાતીય શોષણ, નારી વિદ્રોહ , નારીપ્રત્યે અસમાનતા, સ્ત્રીની સ્વ-ઓળખની મથામણ, તો ક્યાંક સમાધાનકારી નારી, ઔદાર્ય –વાત્સલ્યભર્યું નારીરૂપ પણ આલેખાયું છે. અલબત્ત, આ સૌમાં ધ્યાન ખેચતું નારી સ્વરૂપ તે સામાજિક માળખાને- નીતિનૈતિકતાના ધોરણને અતિક્રમતી સ્ત્રીનું છે. આ વાર્તાઓમાં સામાજિક વિશિષ્ટ પરિવેશ તેમજ સામાજિક વાસ્તવનું સૂક્ષ્મ અને સહજ મનોવિશ્લેષણ થયું છે. ‘કાંચળી’, ‘રાતવાસો’, ‘ખેંચાયેલો વરસાદ’, ‘ચાંદરણાં’, અને ’પડતર’, આદિ વાર્તાઓમાં સ્ત્રીઓના પ્રશ્નો-સંઘર્ષોની સાથે જાતીય ઇચ્છાઓ વિષય બનીને અભિવ્યક્ત થઈ છે. આ વાર્તાઓમાં જાતીય ભાવો કે કામ-વાસનાનું આલેખન સીધું કે પ્રત્યક્ષ પ્રગટ કરવાને બદલે સર્જકે પ્રતીકાત્મ રીતે મૂક્યું છે. તેથી વાર્તાઓનો કલાઘાટ ભાવકોને ગમી જાય છે, તેમ રુચિભંગ થતો નથી.

‘કાંચળી’ મણિલાલ પટેલની જાણીતી વાર્તાઓમાંની એક છે. આ વાર્તાનું મુખ્ય પાત્ર છે ઠકરાણી જેને બધાં ‘નવાં બા’ કહે છે. તે બાપુથી અડધી ઉંમરનાં. વૃદ્ધ અને લક્વાગ્રસ્ત પતિને કારણે જાતીય અતૃપ્તિનો ભોગ બનેલાં છે. તે વિશ્વાસુ નોકર સબૂર સાથે સામાજિક રીતે અનૈતિક એવો જાતીય સંબંધ બાંધે છે. વાર્તાકારે યથાવકાશે પ્રતીક સંયોજન કરી વાર્તાને ગતિમાન રાખી છે. વાર્તાની શરૂઆતમાં નાવણિયામાંથી પડોશી પટેલને આંગણે થતી ભેંસ-પાડાની રતિક્રીડા જોતાં ઠકરાણી અને તેમના જાતીય મનોભાવો પ્રગટ થાય છે. તો ઋતુકાળમાં આવતી ઘોડીને નવાં બાના કહેવાથી સબૂર તળાવ કિનારે ઘોડા પાસે મૂકી આવે છે. પછી નવાં બાના જે ભાવ અનુભવે છે તે જુઓ “ સ્ત્રી બનવા કરતાં આવતા ભવે તો ઘોડીનો અવતાર આવે એ જ વધારે સારું..” (પૃ. ૫) જાતીય આવેગોની અતૃપ્તિ અને તેમાંથી પ્રગટ તો અસંતોષ અને પીડા અહીં પ્રગટ થઈ છે. સર્જકે પરકાયા પ્રવેશ કરી સીના ભાવજગતને ઓળખ્યું છે, આલેખ્યું છે. તેમજ બાપુ અને

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

સાપની કાંચળીની પરિસ્થિતિનું આયોજન લેખકે ધારદાર રીતે કર્યું છે. જુઓ: "બાપુ વાડામાં ફરતા હતા. ફરતાં- ફરતાં એમણે જોયું તો વાડાના થોરિયા ઉપર ચકચકતી લાંબી, સાપે ઉતારેલી કાંચળી પાસે નવાં ઠકરાણીની આભલા ભરેલી રાતીચોળ કાંચળી ઉંદરોએ કોચી નાખેલી જોતાં બાપુ અચાનક બૂમ પાડી ઊઠ્યા_ 'સબૂર!" પણ કશો પ્રત્યુત્તર મળ્યો નહીં! 'કાંચળી ઉતારીને જતો રહ્યો સાઆલો...' બબડતાં-બબડતાં બાપુ જોઈ રહ્યા. પવનમાં કાંચળી ફરફરતી હતી." (પૃ.૬) ભાષા અને પ્રતીક યોજનાથી આ વાર્તા કલાત્મક બની છે. વાર્તાનું શીર્ષક પણ સૂચક છે. સાપ તો કાંચળી ઉતારે છે, તેમ મલજામાં રહેતાં નાવાં બા પણ. બાપુના અંતિમ શબ્દો 'કાંચળી ઉતારીને જતો રહ્યો સાઆલો...' સાપ અને સબૂર ઉભયને લાગુ પડતા જોઈ શકાય છે. વક્તાનો વિનિયોગ સમગ્ર વાર્તાને કલાત્મક ધરી પર મૂકી આપે છે.

'રાતવાસો' વાર્તામાં વિધવા શાંતાની દીકરી વાલીના માનસિક અને શારીરિક અભાવો અને જીવનમાં ખાલીપાના વલોપાતને વાચા આપવામાં આવી છે. વરણાગી પતિ નાથાના મૃત્યુથી જોવાનાઈના રંડાપાને શાંતાએ મહામુશ્કેલીએ કાઢેલો. પૈસાદાર –આબરૂદાર ઘરમાં વાલીની સગાઈ તેના પિતાએ બાળપણમાં જ કરેલી એટલે માતા શાંતા પતિનું વેણ ઉથામી શકી નહીં. કાચી વયે વાલીનાં લગ્ન લેવાયેલાં. વાલીનું સાસરું સારું છે પણ વર કદરૂપો અને અણઘડ, કામ કરવામાં વાલીને વીસરી જાય તેવો છે. પરિણામે માતા અને દીકરી આણું પાછું ઠેલતાં ગયાં. પરંતુ રૂપાળી વાલી ગામના જ પડોશી યુવક રમણના પ્રેમમાં પડે છે. અને સગર્ભા બને છે. વાલી અચાનક સાસરે જાય છે બિમાર રહેતાં સાસુની ખબર પૂછવા અને ત્યાં બે રાત રોકાય છે. 'શંકરને વાલી વ્હાલી લાગે છે.' સીમંત પહેલાં સાસુ ગુજરી જાય છે. રમણથી થયેલા બાળક રાકેશને શંકરના બાળક તરીકે વિધિસર ગોઠવી, વાલી પિયરમાં અને સાસરીમાં બધું બંધબેસતું કેરી દે છે. થોડા વર્ષો પછી વાલી રાકેશને લઈ પિયરમાં આવી છે રાતવાસો કરવા પણ રમણનો વિયોગ તેને ખટકે છે. રમણ નોકરી અર્થે શહેરમાં જઈ વસ્યો છે. મન વાળવા પિયર આવેલી વાલીને રમણનો વિયોગ અસહ્ય લાગે છે. ખાધાપીધા વિના વાલી પાછી સાસરે જવા માંગે છે. અનુભવી માતા તેની સંકુલ મન:સ્થિતિ પારખી જાય છે. "તારી દેહની કાંઈ કહેતાં કાંય ખાતરી પડતી નથી. વાલી, તું હાવ-છેક નંખઈ ગઈ લાગે સે.' બા છેવટે બોલી ખરી. એક રાતમાં વાલી બા સમોવડી થઈ ગઈ હોય એવી લાગતી હતી." (પૃ.૨૪) માતા અને દીકરીના આંતર જીવનની કરુણતા ફ્લેશબેક ટેકનિકથી પ્રસ્તુત વાર્તામાં પ્રગટ થઈ છે. શાંતા અને વાલીના જીવનનો ખાલીપો, એકલતા અને વલોપાત વાર્તાને નોંધપાત્ર બનાવે છે. વાર્તામાં 'વાડાનું છીંડું', 'ઓગલી' અને 'અંધારું નેળિયું' પ્રતીકાત્મક રીતે આવે છે. સાસરીનો પ્રથમ રાતવાસો અને બીજો પિયરનો રાતવાસો વાલીને 'માતા'માંથી વિધવા અને વૃદ્ધ માતા સમોવડી બનાવે છે.

'ખેંચાયેલો વરસાદ' વાર્તામાં જોબનવંતી પશીના મનોભાવોનું આલેખન વ્યક્ત થયું છે. પશીનો વર નટવર શહેરમાં રહે છે, હીરા ઘસવાનું કામ કરે છે. વરસાદની જેમ વર પણ રાહ જોવડાવીને આવતો નથી. પશીને પોતાનો પ્રેમી મનુ સાંભળી આવે છે. પહેલા ધોરણથી છેક દસમા ધોરણ સાથે ભણેલાં ત્યારથી પશીને મનુ પ્રત્યે ભારે આકર્ષણ છે. મનોમન નટુ અને મનુની સરખામણી કરતાં કરતાં પશી ઉદાસ થઈ જાય છે. મકાઈના ડોડાના કૂણાં મૂછિયાંને ચૂમી લેવાનું તેને મન થાય ત્યારે એકવાર ઊંઘતા મનુને કરેલ ચૂમી યાદ આવી જાય છે. પાસેના ડાંગરના ખેતરમાં નીંદામણ કરતી સ્ત્રીઓનો સંવાદ સાંભળી પશી માનસિક આવેગોથી બદલાતી જાય છે. ચારનો ભારો ઉપાડીને જતી પશીની નજીક આવવા માંગતો યુવાન નગીન "પશીના હાથમાં દાતરડું રમતું જોઈ નગીન ઝટ વળી ગયો, તંગ ખેંચાયેલી પણછ જેવી પોતાની કાયા સામું પશીએ જોયું... એક અશમ્ય તરસ ... રણઝણાટ... ધ્રુજારી બધું ગૂંચવાતું એ અનુભવી રહી. દાતરડા પર રોષ પણ થયો."(પૃ. ૪૬) અહીં પશી કોઈનો સંપર્ક સહવાસ ઝંખે છે તે સ્વાભાવિક જ રીતે વ્યક્ત થયું છે. આજની નારી પોતાને આદર્શ કે પવિત્રતાની મૂર્તિ માનતી નથી. તે પોતે આગવી ઈચ્છાઓ, લાગણીઓ અને આગવું સંવેદનતંત્ર ધરાવે છે. આત્માની સાથે દેહની પણ સ્વાભાવિક વૃત્તિઓનો સહજ પણે સ્વીકાર કરે છે.

નવરાત્રી વખતે કે પશીના આણા વખતે પણ મનુ આવતો નથી. આમ મનુ ખેંચાયેલા વરસાદ જેવો બની રહે છે. વરસાદ એક પાત્ર તરીકે વાર્તામાં આવે છે. પ્રકૃતિનાં તત્ત્વો, પ્રકૃતિનાં વર્ણનો, કૃષિ સંસ્કૃતિનાં સાધનો બીજી વાર્તાઓની જેમ

http://vidyajournal.org

અહીં પણ આલંબન રૂપે પ્રયોજાયાં છે. વાર્તાકારે ગ્રામીણજીવન અને સામાજિક રીતરિવાજોનું આલેખન આ વાર્તામાં સૂક્ષ્મ રીતે કર્યું છે.

'ચાંદરણાં' વાર્તામાં નારીની બદલાતી વય સાથે બદલાતી શારીરિક અને માનસિક સ્થિતિને ચાંદરણાં પ્રતીક દ્વારા વ્યક્ત કરી છે. વાર્તાનાયિકા અનીતા રજસ્વલામાં પ્રવેશ છે અને જાતીય રોમાંચ અને શારીરિક જે પરિવર્તનો અનુભવે છે તે ચાંદરણાંથી વ્યક્ત થાય છે તે જુઓ: " એક રાતે જાઉં છું તો કબૂતરના ઈંડા જેવું લંબગોળ ચાંદરણું મારી નાભિમાં રમે. ધીમેધીમે એ ત્રિભેટો વટાવીને નીચેને નીચે ઊતરી પડેલું. આજેય એની ભીનાશ તલભાર ઘટી નથી. શીળું ચાંદરણું અકબંધ જ્યોત જેવું બળ્યા કરે છે. નિકેત સાંભરે કે એ શીતળતામાં ભડકો મુકાઈ જાય છે." (પૃ.૫૧) નિકેત અનીતાને ટીકીટીકીને જોતો ચાહતો. પરંતુ અણસમજુ, હઠીલી અનીતાએ તેને તોછડાશથી તડછોડી કાઢેલો. તેનો અનીતાને વસવસો છે. તે ઓછું દહેજ લઈને પરણનાર મહેશને ચાહી શકતી નથી. તેમ નિકેતને ભૂલી શકતી નથી. વાર્તાનાયિકા ના સહી શકે ના કહી શકે એવી દ્વિધાભરી પરિસ્થિતિમાં જીવન વ્યતીત કરી રહી છે. નાયિકાના મનમાં ચાલતા દ્વન્દ્વનું વહન અને નિરૂપણ કલાત્મક રીતે થયું છે. આ વાર્તા ભારતીય વાર્તાઓના પ્રતિનિધિ સંચય 'વાર્ષિકી'માં હિન્દી અનુવાદથી સ્થાન પામી છે.

'પડતર' રતિનું નિરૂપણ કરતી ઉત્તમ વાર્તા છે. ખેતર ખેડવાની ક્રિયા જ પ્રતીકાત્મક રીતે ઉપસે છે. રૂપાની ચિત્તસ્થિતિને આ ખેતર ખેડ કરવાની ક્રિયા સાથે જોતરવામાં આવી છે. પીટીસી ન થઈ શકવાથી છૂટાછેડા મળેલી રૂપા સમદુ:ખીયા બીજવર મફતલાલનું ઘર બાંધીને રહે છે. મફત મુંબઈમાં હીરા ઘસે છે. હોળી કરીને ગયેલો મફત આઠઆઠ મહિનાઓ પછી દિવાળીના દિવસોમાંય ગામડે આવતો નથી. પરિણામે રૂપા નિસાસા નાખે: "બળ્યો આ અવતાર. હપરવા દા'ડોમાંય ધણી ઘેર ન આવે તાણે આ કાંમ ફૂટ-ફૂટ કરવાનો હું અરથ?" (પૃ.૬૮) આવી મન: સ્થિતિમાં રૂપા સાસુની ના હોવા છતાં દિવાળીના દિવસે ખેતરમાં જાય છે. ખેતરમાં કામ કરતા અંબાલાલ અને રવજી માસ્તરની મેલી નજર રૂપા પર છે. ભારો બાંધતી રૂપાને જોઈ ભુરાયા થયેલા પુરુષોનો સંવાદ ઘણુંબધું સૂચવી જાય છે: "(અંબાલાલ) 'રવજીભૈ, ખરું શેડવાની શીજન જ આ. ભેજાળી માટી રસબસ થાય પસે જોવાં એની મજા. ભોંય તો શેડાય એટલી હારી, ભૈ.' ... ભોંય તો શેડાય એટલી હુંવાળી થાય, કાહર જેવી.. ધણીથી ના થાય તો શેવટે જણ કરીનેય ભોંય તો શેડાબ્બી જ પડે'... 'ખરું ભૈ, પડતર રે'વા દેઈએ તો ઉગવો ને ભોંય કઠણઈ જાય પાસે શેડવામાં વીતે ને ઉગવો ઝટ જાય નીં" કહેતાં માસ્તર ઉપાડ્યા" (પૃ.૭૧) અર્થસંકેતો દ્વારા રતિક્રીડા સૂચવાઈ છે. 'પડતર'નો એક અર્થ ખેડ્યા કે વાવ્યા વિનાનું ખેતર અને બીજો અર્થ વપરાયા વગર પડી રહેલું એમ રૂપાના સંદર્ભે કરી શકાય. રૂપાને પણ "પોતે આ નવરી ભોંય જેવી" છે તે સ્થિતિ કઢે, પીડા આપે છે. છેવટે અજાણતાં સસરા સાથે જાતીય સંબંધ બાંધે છે. ગામડાની બોલી-ભાષા આ વાર્તાનો પરિવેશ રચવામાં પ્રાણરૂપ બને છે. વાર્તામાં શીર્ષકની વ્યંજના આસ્વાદ્ય છે.

આમ, 'કાંચળી', 'ખેંચાયેલો વરસાદ' 'ચાંદરણાં', 'પડતર' આ વાર્તાઓમાં પસાર થતાં જણાશે કે બધી વાર્તાનાયિકાઓ પરણેલી છે. મન કે શરીરના કજોડાં, પતિનું કે પ્રેમીનું દૂર હોવું, ધણીમાં દમ ન હોવો વગેરે કારણોથી આ નારીઓ જાતીય આવેગોથી અતૃપ્ત છે, તેની વેદના અનુભવે છે. સર્જક સીધા સપાટ બયાનથી નહીં, પરંતુ સ્ત્રીના ભીતરી ભાવોને ઓળખી, પરકાયા પ્રવેશ કરીને ભાવકને પણ કરૂણ શૃંગાર રસનો અનુભવ કરાવે છે. આ વાર્તામાં ગામડાની નારીનું આબેહૂબ વર્ણન કરવામાં આવ્યું છે. પરિવેશ, પાત્રો અને ભાષા પણ ગ્રામીણ સ્વાભાવિક રીતે અભિવ્યકત થઈ છે. તળપદી બોલી, તળના ભાવપ્રતીકો ઉચિત ભાષા સામર્થ્ય વડે આ વાર્તાઓ સાહિત્યિક ગુણવત્તા ધારણા કરે છે. પાત્રોચિત બોલીનો વિશિષ્ટ વિનિયોગ તેમજ એક કૃષિના જાણતલને જ સુઝે એવાં અરૂઢ પ્રતીકો, કલ્પનો, કહેવતો, રૂઢિપ્રયોગો, દાખલા-દલીલ વગેરે દ્વારા ગ્રામચેતના અને જાતીયતાની ચિત્રાત્મક અભિવ્યક્તિ થઈ છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

## સંદર્ભ ગ્રંથ:

1. ‘ચૂંટેલી વાર્તાઓ મણિલાલ હ. પટેલ’, મણિલાલ હ. પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ:૨૦૧૯
2. ‘નારીચેતનાની-સંવેદનાની અનુઆધુનિક વાર્તાઓ’, કનુ ખડદિયા, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ: ૨૦૧૬

http://vidyajournal.org